# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૪૯/ક્વા-૧/૨૦૧૯-૨૦/૪૩૬૬ **તા.૨૯–૦૬–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૯/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **ચેતનભાઈ ધીરજભાઈ રોકડ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર ચેતનભાઈ ધીરજભાઈ રોકડ તેમજ તેમની સાથે તુષારભાઈ પીપળીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: **શ્રી એચ. બી. પરમાર** - કાર્યપાલક ઈજનેર- વિભાગીય કચેરી **શહેર-૩- રાજકોટ**
**શ્રી એમ.એમ. ગોહેલ - નાયબ ઈજનેર** – એચ.ટી.-૩-પેટા વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૫-૦૬-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ચેતનભાઈ ધીરજભાઈ રોકડ, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૪૯/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓએ RMU શીફ્ટ કરવા માટે – એચ.ટી–૩ પેટા વિભાગીય કચેરીમાં રૂ.૮૨,૯૮૯/– તા.૩૧–૦૧–૧૯ ના રોજ ભરપાઈ કરેલ હોવા છતા – આજદિન સુધી કામગીરી કરાયેલ નથી. RMU શીફ્ટ ન થવાના કારણોસર – તેઓ જે તે જગ્યાએ બાંધકામ કરી શકતા નથી, અને આર્થિક નુકશાની જાય છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ચેતનભાઈ ધીરજભાઈ રોકડ દ્વારા સંતોષીનગર મેઈન રોડ ઉપર ૧૧ કેવી સંતોષીફીડરમાં જોડાયેલું RMU તેઓને બાંધકામમાં નડતરરૂપ હોવાથી એચટી-૩ સબડીવીઝનમાં રૂ. ૮૨૯૮૯.૦૦ તા.૩૧.૦૧.૧૯ રસીદ નં ૭૧૪૫૬ થી ભરપાઈ કરેલ છે. RMU શિફ્ટ કરવા માટે નવી જગ્યાએ સિમેન્ટની પ્લીંથ (ઓટો) બનાવવો પડે અને RMU યુનિટ તથા કેબલ શિફ્ટ કરવા પડે. RMUને લગતો ઓર્ડર પીજીવીસીએલ કોર્પોરેટ ઓફીસ દ્વારા રાજેશ પાવરને આપવામાં આવેલ હતો. જે ઓર્ડર પૂર્ણ થઈ ગયેલ હોવાથી આ કામ

એ ઓર્ડરમાં થઇ શકેલ નહિ. હાલ માં ઉપરી અધિકારી તરફથી આ કામ કરવા માટે રાજેશ પાવર ને સુચના આપવામાં આવેલ છે, જેના અનુસંધાને એચટી-૩ સબડીવીઝન અને રાજેશપાવરના પ્રતિનિધિ દ્વારા જોઈન્ટ સર્વે થઇ ગયેલ છે અને RMU શિફ્ટ કરવાની કામગીરી તા. ૨૫.૦૬.૧૯ થી શરૂ કરવામાં આવશે અને વધુમાં વધુ ૧૫ દિવસની અંદર આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૨.૦ અને ૩.૦ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા રાજકોટ તાલુકાના માધાપર ગામ ના રે. સર્વે નંબરઃ ૫૩/૧ માં વસાહત બનાવવાની હોય – તેમા આવેલ એપ્રોચ ૦૯ મીટર રોડ ની વચ્ચે RMU યુનીટ આવેલ છે, જે શીફટીંગ કરી આપવા તા.૦૪–૦૭–૧૮ ના રોજ એચ.ટી.–૩ પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ છે. જે અન્વયે નિયત ભાવપત્રક અપાતા – અરજદાર દ્વારા તા.૩૧.૦૧.૧૯ ના રોજ રસીદ નં ૭૧૪૫૬ થી રૂ. ૮૨૯૮૯.૦૦ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, સામેવાળા દ્વારા કોઈ કાર્યવાહી ન થતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ સામેવાળા દ્વારા તા.૨૪–૦૬–૧૯ ની લેખીત રજુઆત મુજબ – RMU શિફ્ટ કરવા માટે – ટર્નકી કોન્ટ્રાકટર નો ઓર્ડર પૂર્ણ હોવાથી આ કામ એ ઓર્ડરમાં થઇ શકેલ નહિ. ત્યારબાદ, સદર કામ માટે જરૂરી મંજુરી મેળવીને – એચ.ટી.–૩ કચેરી દ્વારા જરૂરી સર્વે થઈ ગયેલ છે, જેRMU શિફ્ટ કરવા માટે –ની કામગીરી તા.૨૫–૦૬–૧૯ થી શરૂ કરવામા આવશે, અને વધુમાં વધુ ૧૫ દિવસમાં સદર કામગીરી પૂર્ણ કરી આપવામા આવશે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – RMU શિફ્ટ કરવા માટે ની કામગીરી અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા પૂર્ણ કરવાની સુચના આપવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯